# K-2045

## First Year B. A. (Sem. II) Examination

September / October – 2012

## Foundation Compulsory (Bhasha Sahitya Kaushal - II) Gujarati

Time : 3 Hours] [Total Marks : 70

સૂચના :

નીચે દર્શાવેલ ☛ નિશાનીવાળી વિગતો ઉત્તરવહી પર અવશ્ય લખવી.
Fillup strictly the details of ☛ signs on your answer book.
Name of the Examination :
☛ F.Y. B.A. (SEM. 2)
Name of the Subject :
☛ FOUNDATION COMPULSORY (BHASHA SAHITYA KAUSHAL - 2) GUJARATI
☛ Subject Code No. : 2 0 4 5 ☛ Section No. (1, 2,.....) : NIL

Seat No. :

Student's Signature

૧ વ્યવહારની ભાષા અને સાહિત્યની ભાષાનું લક્ષ્ય અને પ્રયોજન સમજાવો. ૧૮

**અથવા**

૧ સાહિત્યમાં પ્રયોજાતી ભાષા અને વ્યવહારની ભાષા તાત્વિક રીતે એક જ છે ? કે ભિન્ન ? સોદાહરણ સ્પષ્ટ કરો. ૧૮

૨ કોઈપણ એક વિશે નિબંધ લખો : ૧૭

(૧) મારા સ્વપ્નનું ભારત

(૨) વર્તમાન સમયમાં નારીની સ્થિતિ

(૩) એકવીસમી સદીનું માનવજીવન

(૪) પુસ્તકો : માનવીનાં સાચા મિત્રો.

૩ કોઈપણ બે વિચાર વિસ્તાર સમજાવો : ૧૮

(૧) દુઃખીના દુઃખની વાતો સુખી ના સમજી શકે,
સુખી જો સમજે પૂરું દુઃખ ના વિશ્વમાં ટકે.

(૨) હા, પસ્તાવો વિપુલ ઝરણું સ્વર્ગથી ઊતર્યું છે,
પાપી તેમાં ડૂબકી દઈને પુણ્યશાળી બને છે.

(૩) પ્રભો ! મારે તાપે તપી, અવરની શાંતિ સૃજવી,
નિચોવી અંધારાં અજર રસજ્યોતિ જગવવી.

(૪) સ્વતંત્ર પ્રકૃતિ તમામ, એક માનવી જ કાં ગુલામ ?

૪ કોઈપણ એક પરિચ્છેદનો સારાંશ લખો અને તેને યોગ્ય શીર્ષક આપો : **૧૭**

(૧) ભૌતિક પ્રગતિનો માણસ વિસ્મયકારક વેગથી કરી રહ્યો છે, પણ એનો પૂરો લાભ એ લઈ શકતો નથી. કારણ કે, એની સાથે સમાંતર પગલે ચાલે એવી નૈતિક પ્રગતિ એણે કરી નથી. વિજ્ઞાનની સિદ્ધિ થઈ, પણ ધર્મ પાછળ રહ્યો એટલે એ સિદ્ધિનો પૂરો લાભ ન લઈ શકાયો. એ જ રીતે આધુનિક જીવનમાં ઘરને બહાર રહેવાને ફરવા જે અનેક સાધનોને સગવડો છે એનો પણ છૂટથી ને શાંતિથી ઉપયોગ કરી ન શકાય કારણ કે હડતાલ પડે એટલે સગવડ બંધ, પાછા જંગલમાં ! ફરવાનું હોય તો પગે ચાલવાનું કારણ કે બસ નથી, રિક્ષા નથી અને પોતાની મોટરમાં બેસીને જવું એ હાથે કરીને નુકસાન વહોરવા જેવું થાય ટપાલ નહિ, વર્તમાન પત્રો નહિ અને એમ ક્યાં સુધી ચાલશે તેનો અંદાજ પણ નહિ. સગવડો આવી તેવી ગઈ બુદ્ધિનો પુરુષાર્થ અનીતિએ ઝૂટવી લીધો. સુખસાધનો આવ્યા પણ સલામતી ગઈ એ અવળાં પરિણામ માણસના હૃદયમાં રહેલી દુર્વાસનામાંથી આવે છે. દુનિયામાં દુ:ખ છે કારણ કે માણસના હૃદયમાં પાપ છે અને એનો પહેલો ભોગ પોતે જ બને છે.

**- ફાધર વાલેસ**

(૨) શિક્ષિત હોવું એ જુદી વસ્તુ છે અને કેળવાયેલાં મનવાળા હોવું એ જુદી વસ્તુ છે જો શિક્ષણે મન અને હૃદયને સંસ્કારી ન બનાવ્યું હોય તો વ્યક્તિની ક્ષણિક સુખો તરફની દોડ વધુ રહે છે. એટલે જ સ્વ. પૂ. રવિશંકર મહારાજે કહ્યું હતું કે શીખવે તે શિક્ષણ અને કેળવે તે કેળવણી ! આજનું શિક્ષણ શિક્ષાર્થી માટે 'કેળવણી' નથી બની શક્યું. તેનું તેમને ભારે દુ:ખ હતું.

આજના મનુષ્યને ભૌતિક સુખમાં વધુ રસ છે. તેથી તેને આકર્ષક, મોહક તેમજ રૂપાળી વ્યક્તિઓ અને વસ્તુઓમાં રસ છે...... સ્વસ્થ મન પ્રેમની ઉદાત્ત ભાવના જન્માવે છે. જ્યારે કેવળ વાસના રૂપેષણા ! ભૌતિક સુખો માટેની વિવેકહીન તૃષા માણસને રૂપિયા માટેની ઘેલછા તરફ ઘસડી જાય છે. શિક્ષિત હોય કે અશિક્ષિત પણ જીવન પ્રત્યેનો સ્વસ્થ ઉદાર અને ઉર્ધ્વગામી દૃષ્ટિકોણ કેળવાયેલો ન હોય તો માણસ ઐહિક સુખોની જાળમાંથી મુક્ત થઈ શકતો નથી. એટલે જ રૂપાળા તન અને મબલખ ધન પ્રત્યેનો માણસનો મોહ વધી ગયો છે, 'રૂપ' અને 'રૂપિયો' એ સાધન છે. સાધ્ય નહીં ! સાધ્ય તો છે ઉદાત્ત પ્રેમ અને માનવતા આ વસ્તુ નહીં સમજાય ત્યાં સુધી રૂપ અને રૂપિયા તરફની તૃષાભરી દોડ રહેવાની.

**- ડૉ. ચન્દ્રકાન્ત મહેતા**